BUSINESS MIX Plus

વેપાર સૂચકઆંકોનું બેઝ વર્ષ ૨૦૨૩ : દેશના બદલાતા વેપાર માળખાને અનુરૂપ ફેરફાર

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે ભારતની મર્ચેન્ડાઇઝ ટ્રેડ ઇન્ડાઇસીસ (વેપાર સૂચકાંકો) ના બેઝ યર (આધાર વર્ષ) માં સુધારો કરીને અગાઉના નાણાકીય વર્ષ 2012-13 ના બદલે નાણાકીય વર્ષ 2022-23 કર્યું છે. આ ફેરફાર દેશના બદલાતા વેપાર માળખા અને વૈશ્વિક પ્રવાહોને વધુ સારી રીતે દર્શાવવાના હેતુથી કરવામાં આવ્યો છે. ડાયરેક્ટોરેટ જનરલ ઓફ કોમર્શિયલ ઇન્ટેલિજન્સ એન્ડ સ્ટેટિસ્ટિક્સ (DGCI&S), જે આ સૂચકાંકોનું સંકલન અને પ્રકાશન કરે છે, તેણે જણાવ્યું હતું કે આ સુધારો અર્થતંત્રમાં આવેલા માળખાગત ફેરફારો, ચીજવસ્તુઓના બદલાતા સ્વરૂપ અને વૈશ્વિક સપ્લાય ચેઇનમાં થયેલા ફેરફારો સાથે ડેટાને સુસંગત બનાવે છે. નવી શ્રેણીમાં 2022-23 ને નવા બેઝ યર (2022-23 = 100) તરીકે સ્વીકારવામાં આવ્યું છે.

આ ફેરફાર ઇન્ડિયન સ્ટેટિસ્ટિકલ ઇન્સ્ટિટ્યૂટ, કોલકાતાના પ્રોફેસર નચિકેતા ચટ્ટોપાધ્યાયની અધ્યક્ષતાવાળી સમિતિની ભલામણોને આધારે કરવામાં આવ્યો છે. આ સમિતિએ હાલની પદ્ધતિ, ડેટા કવરેજ અને વેઇટેજ માળખાની

ઓફ-બીટ

સમીક્ષા કરી હતી અને આંતરરાષ્ટ્રીય શ્રેષ્ઠ પ્રથાઓ મુજબ સુધારા સૂચવ્યા હતા. સુધારેલી શ્રેણીમાં ઉભરતી અને ઘટતી જતી વેપારી વસ્તુઓને વધુ સારી રીતે આવરી લેવા માટે મુખ્ય કોમોડિટી સ્તરે અપડેટ કરેલી 'કોમોડિટી બાસ્કેટ' રજૂ કરવામાં આવી છે. વર્તમાન નિકાસ અને આયાત હિસ્સાને પ્રતિબિંબિત કરવા માટે નવા બેઝ યરના વેપાર મૂલ્યોનો ઉપયોગ કરીને વેઇટેજ (ભારાંશ) ફરીથી નક્કી કરવામાં આવ્યા છે. પદ્ધતિસરના સુધારામાં કોમોડિટી બાસ્કેટની પસંદગી માટેની શુદ્ધ પ્રક્રિયા અને બેઝ યરની પસંદગી દરમિયાન ખૂટતા યુનિટ મૂલ્યોની સ્પષ્ટ સારવારનો સમાવેશ થાય છે.

નવી શ્રેણીમાં માસિક, ત્રિમાસિક અને વાર્ષિક નિકાસ અને આયાત યુનિટ વેલ્યુ ઇન્ડાઇસીસની સાથે સાથે પ્રિન્સિપલ કોમોડિટી-વાઇઝ, SITC-વાઇઝ અને બ્રોડ ઇકોનોમિક કેટેગરીઝ-વાઇઝ સૂચકાંકો પણ પ્રકાશિત કરવામાં આવશે. તેમાં ભારતના ટોચના 20 નિકાસ અને આયાત ભાગીદારો માટે દ્વિપક્ષીય અને પ્રાદેશિક વેપાર સૂચકાંકો તેમજ ગ્રોસ, નેટ અને ઇન્કમ ટર્મ્સ ઓફ ટ્રેડના માપદંડો પણ સામેલ હશે.અધિકારીઓએ નોંધ્યું હતું કે ટેકનોલોજીકલ પ્રગતિ, નવી ચીજવસ્તુઓ અને વૈશ્વિક સપ્લાય ચેઇન પુનર્ગઠનને કારણે છેલ્લા એક દાયકામાં ભારતની વેપાર બાસ્કેટમાં નોંધપાત્ર ફેરફાર આવ્યો છે. જૂનું બેઝ યર હવે પ્રવર્તમાન વેપાર માળખાને પૂરતી રીતે રજૂ કરતું ન હતું, જેના કારણે આ અપડેટની જરૂરિયાત ઊભી થઈ હતી.

ટેકનોલોજીકલ પ્રગતિ, નવી ચીજવસ્તુઓ અને વૈશ્વિક સપ્લાય ચેઇન પુનર્ગઠનને કારણે છેલ્લા એક દાયકામાં ભારતની વેપાર બાસ્કેટમાં નોંધપાત્ર ફેરફાર આવ્યો છે. જૂનું બેઝ યર હવે પ્રવર્તમાન વેપાર માળખાને પૂરતી રીતે રજૂ કરતું ન હતું, જેના કારણે આ અપડેટની જરૂરિયાત ઊભી થઈ હતી

આ સૂચકાંકો નીતિ નિર્ધારકો અને સંસ્થાઓ દ્વારા વ્યાપકપણે ઉપયોગમાં લેવાય છે. નેશનલ એકાઉન્ટ્સ ડિવિઝન જીડીપી ગણતરીમાં વાસ્તવિક નિકાસ અને આયાતના અંદાજ માટે આયાત યુનિટ વેલ્યુ ઇન્ડેક્સ પ્રથમ ત્રિમાસિક ગાળામાં 94.08 અને બીજા ત્રિમાસિક ગાળામાં 101.93 નોંધાયો હતો. જથ્થા (Quantity) ની વાત કરીએ તો, નિકાસ જથ્થા સૂચકાંક પ્રથમ ત્રિમાસિકમાં 101.91 અને બીજામાં 105.57 હતો, જ્યારે આયાત જથ્થા સૂચકાંક અનુક્રમે 125.17 અને 124.32 સાથે ઉંચા સ્તરે રહ્યો હતો. મંત્રાલયે જણાવ્યું હતું કે સુધારેલા મર્ચેન્ડાઇઝ ટ્રેડ ઇન્ડાઇસીસ અને વિગતવાર પદ્ધતિસરના દસ્તાવેજો DGCI&S ની વેબસાઇટ પર ઉપલબ્ધ કરાવવામાં આવશે.

વસ્ત્ર ઉદ્યોગમાં પાણીનો બેફામ વપરાશ ઘટાડવા નવી ટેકનોલોજીની જરૂર

આ પણી પાસે હંમેશા જીન્સની એક એવી જોડી હોય છે જેનો ફિટ, રંગ અને સ્ટાઈલ આપણને આપણા માટે જ બની હોય તેવું લાગે છે. પરંતુ તેના સર્જન પાછળ એક ચિંતાજનક વાસ્તવિકતા છુપાયેલી છેઃ જીન્સની માત્ર એક જોડી બનાવવા માટે આશરે ૩,૭૮૧ લિટર પાણીનો વપરાશ થાય છે. આટલું પાણી એક વ્યક્તિની પીવાની જરૂરિયાતને લગભગ પાંચ વર્ષ સુધી પૂરી કરી શકે છે અથવા સાત કલાકથી વધુ સમય સુધી શાવર ચાલુ રાખી શકે છે. જે દેશમાં ૧૬ કરોડ ૩૦ લાખ લોકો પાસે પીવાનું શુદ્ધ પાણી ઉપલબ્ધ નથી, ત્યાં આ માત્ર એક આંકડો નથી; તે ગંભીર ચિંતનનો વિષય છે.

ભારતનો ટેક્સટાઇલ ઉદ્યોગ જીડીપીમાં ૨.૩% ફાળો આપે છે અને ૪.૫ કરોડથી વધુ લોકોને રોજગારી આપે છે, તેમ છતાં તે પાણીના સૌથી મોટા વપરાશકારો અને પ્રદૂષકોમાંનો એક છે. 'વેટ પ્રોસેસિંગ યુનિટ્સ', જ્યાં કાપડને રંગવામાં, છાપવામાં અને ફિનિશિંગ કરવામાં આવે છે, ત્યાં પાકૃતિક સંસાધનોનો ભારે વપરાશ થાય છે. તિરુપુર અને ફરીદાબાદ જેવા કેન્દ્રોમાં, ભૂગર્ભ જળના સ્તરમાં ઘટાડો અને પ્રદૂષણ ગંભીર સ્તરે પહોંચી ગયું છે. ટેક્સટાઇલ ઉદ્યોગ માટે, આ આધુનિક ટેકનોલોજી અપનાવવાની જરૂરિયાત તરફ ઈશારો કરે છે જે ઉત્પાદન પદ્ધતિઓમાં પરિવર્તન લાવી શકે.

ભારતનો ટેક્સટાઈલ ઉદ્યોગ જીડીપીમાં ૨.૩% ફાળો આપે છે અને ૪.૫ કરોડથી વધુ લોકોને રોજગારી આપે છે, તેમ છતાં તે પાણીના સૌથી મોટા વપરાશકારો અને પ્રદૂષકોમાંનો એક છે. 'વેટ પ્રોસેસિંગ યુનિટ્સ', જ્યાં કાપડને રંગવામાં, છાપવામાં અને ફિનિશિંગ કરવામાં આવે છે, ત્યાં પાકૃતિક સંસાધનોનો ભારે વપરાશ થાય છે

હાલ ટેક્સટાઇલ્સ માટે ઓછા પાણીનો વપરાશ કરે તેવી ટેકનોલોજી પર સંશોધનો ચાલી રહ્યા છે.

પ્રિન્ટિંગની બાબતમાં જોઇએ તો ડિજિટલ પ્રિન્ટિંગ આનો એક સક્ષમ ઉકેલ પૂરો પાડે છે. પરંપરાગત 'રોટરી' અથવા 'સ્ક્રીન' પદ્ધતિઓથી વિપરીત, આમાં પ્રી-ટ્રીટમેન્ટ અને પોસ્ટ-ટ્રીટમેન્ટની ન્યૂનતમ જરૂર પડે છે, ખાસ કરીને પિગમેન્ટ ઇંક્સ સાથે જેમાં વધુ પડતા સ્ટીમિંગ અને વોશિંગની જરૂર હોતી નથી. ડિજિટલ ટેક્સટાઇલ પ્રિન્ટર પરંપરાગત પ્રિન્ટિંગની તુલનામાં પાણીના વપરાશમાં ૯૭% સુધીનો ઘટાડો કરી શકે છે. ટકાઉપણું ઉપરાંત, ડિજિટલ પ્રિન્ટિંગ જરૂરિયાત મુજબના ઉત્પાદનને પણ સક્ષમ બનાવે છે, જેનાથી ઓવરસ્ટોકિંગ અને બગાડ ઘટાડવામાં મદદ મળે છે. ગ્રાહક કેન્દ્રોની નજીક સ્થાપિત નાની સિસ્ટમો સપ્લાય ચેઇનને ટૂંકી કરે છે અને માત્ર જરૂરી માત્રામાં જ ફેશન આઇટમ્સ પહોંચાડે છે.

કેટલીક કંપનીઓ આ દિશામાં કાર્યરત જણાય છે. એપ્સન ઇન્ડિયાના પ્રેસિડેન્ટ સાંબા મૂર્તિ કહે છે કે, ફેશનનું ભવિષ્ય જવાબદાર નવીનતામાં રહેલું છે. અમારી અદ્યતન ડિજિટલ પ્રિન્ટિંગ ટેકનોલોજી દ્વારા, એપ્સન ઉત્પાદકોને પાણીનો વપરાશ ઘટાડીને, કચરો ઓછો કરીને અને ફેશન મેન્યુફેક્ચરિંગના કેન્દ્રમાં ટકાઉપણું લાવીને તેમની ઉત્પાદન પ્રક્રિયાઓને ફરીથી કલ્પના કરવા માટે સક્ષમ બનાવી રહ્યું છે. એપ્સન કાપડ માટે 'ડ્રાય ફાઈબર ટેકનોલોજી' પર પણ કામ કરી રહ્યું છે, જે હાલમાં પ્રોટોટાઇપ તબક્કે છે. આ ટેકનોલોજી જૂના કપડાં અને મિલના કચરાને ફાઈબરમાં રૂપાંતરિત કરે છે, જેમાંથી નવું 'નોન-વોવન' કાપડ બનાવી શકાય છે. આ પ્રક્રિયા પાણી વગરની છે, જે પાણીના વપરાશ અને કપડાંના નીચા રિસાયક્લિંગ દર બંને સમસ્યાઓનો ઉકેલ લાવે છે. પેરિસ હોટ કોચર વીકમાં, ડિઝાઇનર ચુઇમા નાકાઝાટોએ ડ્રાય ફાઈબર ટેકનોલોજીનો ઉપયોગ કરીને બનાવેલા નોન-વોવન કાપડના વસ્ત્રો પ્રદર્શિત કર્યા હતા.

સુપ્રિમકોર્ટે ટ્રમ્પની ટેરિફ અમાન્ય ઠેરવી- ટ્રમ્પે સેકશન ૧૨૨ અન્વયે ૧૫ ટકા ટેરિફ ઝીંકી

અમેરિકાની સર્વોચ્ચ અદાલતે અમેરિકી પ્રમુખ ટ્રમ્પે આર્થિક કટોકટી આઇઇપીએની આડમાં એક્ઝિક્યુટીવ ઓર્ડર દ્વારા લાદેલી ટેરિફને અમાન્ય ઠેરવતા બજારોમાં હડકંપ મચ્યો છે. સર્વોચ્ચ અદાલતનો ચૂકાદો ટ્રમ્પ માટે મોટી પીછેહઠ છે. ટેરિફના ચૂકાદાથી આકુળવ્યાકૂળ થયેલા ટ્રમ્પે ટેરિફ મામલે પોતાનું ધાર્યું કરવા વિવિધ વિકલ્પોનો સહારો લેવાનેં શરુ કર્યું છે. પહેલા હથિયાર તરીકે સેકશન ૧૨૨નો ઉપયોગ કરી તાત્કાલિક અસરથી ૧૦ ટકા ટેરિફ લાદી અને થોડા જ કલાકોમાં ટેરિફ વધારને ૧૫ ટકા કરી છે. સેકશન ૧૨૨ અન્વયે ટેરિફ મહતમ ૧૫ ટકા સુધી લાગી કે એનાથી વધુ લાગે નહી. આ માટે ૧૫૦ દિવસની મહેતલ છે. એ પછી ટેરિફ લંબાવવા કોંગ્રેસની મંજૂરી જોઇએ. હાલમાં સેકશન ૨૩૨ અન્વયે રાષ્ટ્રિય સુરક્ષા મામલે લાગુ થયેલી ટેરિફ, ખાસ કરીને સ્ટિલ, એલ્યુ, સેમી ફિનિસ કોપર વગેરે પરની ટેરિફ લાગુ રહેશે. આ માટે કોમર્સ વિભાગની મંજૂરી જોઇએ. સેકશન ૩૦૧ અન્વયે વેપારકરારો મામલે અમેરિકાના અધિકારો, ડિસક્રિમિનેશન અન્વયે લાગેલી ટેરિફ પણ ચાલુ રહેશે. આ ટેરિફમાં કોઇ ટોચમર્યાદા નથી. સમયની રીતે ચાર વરસ અને મહતમ આઠ વરસ રહી શકે. આ માટે અમેરિકીવેપારી પ્રતિનીધીની મંજૂરી જરુરી છે.

સેકશન ૨૦૧ અન્વયે સ્વદેશી ઉદ્યોગોને હાનીના કારણોસર ચાર વરસ માટે ટેરિફ લાગી શકે, પહેલા ૫૦ ટકા અને એક વરસ પચી તબક્કાવાર ઘટાડો કરવો પડે. મહતમ આઠ વરસ માટે લાગી શકે, આ માટે ઇન્ટરનેશનલ ટ્રેડ કમિશનની મંજૂરી જોઇએ. કલમ ૩૩૮સ અન્વયે અમેરિકી વેપારધંધા સામે ડિસક્રિશનનો તર્ક બતાવી ૫૦ ટકા ટેરિફ લાદી શકાય, આ માટે કોઇની મંજૂરી જરૂરી નથી, કોઇ સમય મર્યાદા પણ નથી. ટ્રમ્પ પાસે

બિરેન વકીલ

૨૩૨,૨૦૧, ૩૦૧,૧૨૨ અને ૩૩૮ના પાંચ બ્રહ્માસ્ત્ર પૈકી ૧૨૨ અને ૩૩૮ માટે એ કોંગ્રેસની મંજૂરીના મહોતાજ નથી. ૨૩૨,૨૦૧,૩૦૧ માટે સંબંધિત એજન્સીની મંજૂરી જોઇએ.

ટેરિફ રદબાતલ થયા ભારે મોટો ગૂંચવાડો સર્જાઇ શકે છે. અમુક ટેરિફ ગેરકાયદે ઠરતા અંદાજે ૧૫૦ અબજ ડોલર જેટલી ટેરિફનું રિફંડ આપવુ પડે. આમ પણ ટેરિફ મામલે નીચલી અદાલતોમાં અને હાઇકોર્ટમાં અંદાજે ૧૫૦૦ જેટલા કાનુની મુકદમા પેન્ડિંગ છે. જો બધી ટેરિફનું રિફંડ આપવાનું થાય તો બજેટ ખાધ, દેવું ડેટ લીમીટ મામલે રિપ્લિકન અને ડેમોક્રેટ મામલે નવેસરની ટસલ થાય. ગત સપ્તાહે જીડીપીના આંકડા બેહદ કમજોર આવ્યા છે. જોબ માર્કેટ પણ નબળુ પડતુ જાય છે. ચીનમાં એક વીકથી બજારો બંધ હતા. ઇરાન નજીક અમેરિકી નૌકાદળ, હવાઇદળના કાફલાની જમાવટ થતા બજારો નર્વસ છે. સપ્તાહની આખરે સોનાચાંદી, ક્રુડમાં ઘટયા ભાવથી શાનદાર ઉછાળો હતો.

શેરબજારોની વાત કરીએ તો ભારતમાં એઆઇ સમિટમાં વિશ્વભરના ટેક ધુરંધરો, ભારતીય ટેક મહારથીઓ અને નીતિવિષયક ઘડવૈયાઓએ બ્રેઇનસ્ટોરમીંગ કર્યું હતું. આ સમિટમાં અંદાજે ૨૫૦ અબજ ડોલરના ફાયનાન્સિયલ કમીટમેન્ટ જેમાં ડેટાસેન્ટર્સ, સેમીકંડકટર્સ, હાઇ પરફોરમન્સ કોમ્પ્યુટીંગ અને ૨૦ અબજ ડોલરની ડિપ ટેક વેન્ચર કેપિટલ સમાવિષ્ટ છે. ઘરઆંગણે લાર્જ લેંગવેજ મોડેલ આધારીત સર્વમ એઆઇ ૧૨ ભાષામાં કામ કરી શકશે એ મોટી જાહેરાત છે. પોલીસી ગવર્નન્સના મામલે માનવ વિઝન (એથિકલ ફ્રેમવર્ક, રિસ્પોન્સિબલ એઆઇ ફ્રેમવર્ક) મહત્વના મુદા છે. ભારત સત્તાવાર રીતે અમેરિકા સાથે પેક્સ સિલિકા કોએલીશનમાં જોડાયુ છે જેમાં ૧૧૮ દેશો સામેલ છે. એઆઇ આવવાથી રોજી છીનવાશે, એ સીવાય ટેરિફવોરના અંજપા , ઇરાન અમેરિકાની તંગદીલીથી બજારો નરવસ છે. હાલ દશા કે દીશા અંગે કોઇ આગાહી કરવી ઓવરથિંકીંગ દેખાય છે. ટેરિફવોરને જો ક્રિકેટમેચ કહીએ તો દરેક બોલ ગુગલી, બાઉન્સર કે યોર્કર તરીકે આવે છે.

ભારતની એઆઇ સમિટને જવલંત સફળતા- ટેરિફ- ઇરાન તંગદીલીથી બજારોમાં અજંપો

સોનાચાંદીની વાત કરીએ તો લંડન સોનું ૪૪૦૦ ડોલરના બોટમથી રિકવર થઇ ૫૧૦૦ ડોલર અને એમસીએક્સ સોનું ૧૩૭૧૦૦થી વધી ૧૫૭૦૦૦ સુધી રીકવર થયું છે. ચાંદી ૨૨૫૮૦૦થી રિકવર થઇ ૨૫૨૦૦૦ થઇ છે. લંડન હાજર ચાંદી ૬૪ ડોલરથી ઉછળી ૮૪ ડોલર આવી છે. ૨૭ ફેબ્રુઆરીએ કોમેક્સ ચાંદી વાયદામાં ફર્સ્ટ નોટિસ ડે છે. ડિલિવરીમાં માલ ક્યા ઘરમાં જાય છે એના પર પંડિતોની નજર છે. ચાંદીની બજારમાં લંડન-કોમેક્સ-ચીન ત્રણેય બજારો વચ્ચે સંકલન તૂટી ચૂક્યું છે.

બેઝ મેટલ્સમાં કોપર, ઝિંક વગેરે ઘટયા ભાવથી રિકવર થયા છે. ગત સપ્તાહે ચીન બંધ હોવાથી એલએમઇ અને કોમેક્સ સુસ્ત હતા. એમસીએક્સ કોપરમાં અને ઝિંકમાં વાયદાના બદલા વધતા જાય છે. નિકલમાં નીચા ભાવની મંદી અટકી સુધારો આવ્યો છે. એનર્જી બજારોમાં ક્રુડઓઇલ બોટમઆઉટ થઇ ગયું છે. અંદાજે ત્રણ વરસથી ધીમી મંદીમાં નાયમેક્સ ક્રુડ ૧૩૦ ડોલરથી ઘટી ૫૩ અને લોકલ બજારમાં ૯૭૦૦થી ઘટીને ૫૦૦૦ થઇ હાલમાં નાયમેક્સ ૬૬ અને લોકલ ક્રુડ ૬૦૦૦ છે. નાયમેક્સ ક્રુડ વધઘટે ૭૫-૭૮ અને લોકલ ક્રુડ વધઘટે ૬૬૦૦-૬૭૦૦ જવાની શક્યતા છે. ઇલિયટ એનાલિસીસ મુજબ ત્રીજો અપવર્ડ ઇમ્પલ્સ વેવ દૈનિક ચાર્ટમાં દેખાય છે. આજે ચીનમાં શેરબજારો-કોમોડિટી બજારો કેવા ખૂલે અને આગામી દિવસોમાં અમેરિકા-ઇરાન અને ટેરિફવોરની અનિશ્ચિતતા મોટા વાઇલ્ડકાર્ડ છે.

યુએસ સુપ્રીમ કોર્ટ અને ટ્રમ્પ એડમીન વચ્ચે ઘમાસાણથી ભારતના ટેરિફનો મામલો ગૂંચવાયો?

સુપ્રીમ કોર્ટના ટેરિફને રદ કરવાના ચૂકાદા બાદ ટ્રમ્પે વિશ્વના તમામ દેશો ઉપર ફરી એકવાર પોતાની સત્તાનો ઉપયોગ કરીને 10 ટકાનો ટેરિફ નાંખી દીધો છે. જેનાથી સવાલ એ ઉભો થાય છે કે, થોડાક સમય પહેલા અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત ઉપર પારસ્પરિક ટેરિફ નાંખીને ટેરિફ વોર શરૂ કરી દીધું હતું, જે ગત સપ્તાહમાં બંને દેશોના પ્રતિનિધિમંડળ સાથેની બેઠક બાદ 18 ટકા કરવામાં આવી હતી. જેને સુપ્રીમ કોર્ટે રદબાતલ કરી દેવાના નિર્ણય લીધો છે, જેથની ટ્રમ્પ સરકાર બેકફૂટમાં આવી ગઇ હતી, અને બાદમાં ટ્રમ્પે ફરીથી 10 ટકા ટેરિફની જાહેરાત કરવામાં આવી છે.

આ એક પછી એક બની રહેલી ઘટનાઓને જોતાં હવે એ સ્પષ્ટ થઇ રહ્યું નથી કે ભારત ઉપર કેટલો ટેરિફ લાગશે, જેના ઉપર તમામની નજર મંડરાયેલી છે, કે ભારતની કંપનીઓએ અમેરિકા માટે કેટલો ટેરિફ લાગશે તે અસમજસમાં મુકાયા છે.

ટ્રમ્પે વહીવટીતંત્રે સત્તાવાર રીતે જુના ટેરિફને નાબૂદ કરી દીધા હતા. રાષ્ટ્રપતિએ નવો એક્ઝિક્યુટિવ ઓર્ડર જારી કર્યો હતો, તે હવે ટ્રેડ એક્ટની કલમ 122 જેવી અન્ય કાનુની જગોવાઇઓ લાગુ કરે છે અને નવા 10 ટકા ટેરિફ લાગુ કરવામાં આવ્યા છે, જે 24 ફેબ્રુઆરીથી અમલમાં આવશે. કલમ 122ની કલમ અમેરિકન રાષ્ટ્રપતિને મહત્તમ 150 દિવસ માટે વિવિધ દેશોમાંથી આયાત પર મહત્તમ 15 ટકા ડ્યુટી લગાવવાની મંજુરી આપે છે. આ નિયમ હેઠળ ટ્રમ્પ ટેરિફ લાદવા માટે કોઇ વહીવટી તપાસ અથવા નિયમનકારી પગલાં લેવા માટે બંધાયેલા નથી. જોકે 150 દિવસપછી આ ટેરિફ લાગુ થશે નહીં, જેને કલમ 122 અમેરિકન રાષ્ટ્રપતિને મહત્તમ 150 દિવસ માટે વિવિધ દેશોમાંથી આયાત પર મહત્તમ 15 ટકા ડ્યુટી લગાવવાની મંજૂરી આપે છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, અમેરિકા અને ભારત વચ્ચે વેપાર 129.2 અબજ ડોલરનો થયો છે. જેમાં અમેરિકાએ 87.4 અબજ ડોલરની આયાત કરી હતી, જ્યારે 41.8 અબજ ડોલરની ભારતે આયાત કરી હતી.

સુપ્રીમ કોર્ટના ચૂકાદા બાદ ટ્રમ્પના વહીવટીતંત્રનો નવો 10 ટકાનો ટેરિફ લાગુ થતા વિમાસણમાં મુકાયા છે, ત્યારે નિષ્ણાતોનું માનવું છે કે, ભારતીય સામાનો પર ટેરિફ 10 ટકા રહેશે અને આ 10 ટકા ટેરિફ અમેરિકામાં મોસ્ટ ફેવર્ડ નેશન (એમએફએન)ના ટેરિફને અતિરિક્ત રહેશે. જ્યારે અન્ય નિષ્ણાતનું કહેવું છે કે પારસ્પરિક ટેરિફ ઘટીને 10 ટકા પર આવી ગયો છે, ભારતે અમેરિકાની સાથે વાટાઘાટો કરીને સમીક્ષા કરવી જોઈએ.

કરારના કાનૂની લખાણને અંતિમ સ્વરૂપ આપવા માટે ભારતીય અધિકારીઓની એક

ટીમ 23 ફેબ્રુઆરીથી વોશિંગ્ટનમાં તેમના સમકક્ષોને મળવાની છે. વાણિજ્ય પ્રધાન પિયુષ ગોયલના જણાવ્યા અનુસાર આ કરાર પર આવતા મહિને હસ્તાક્ષર થવાની સંભાવના છે. આ પછી એપ્રિલ સુધીમાં તેનો અમલ કરવામાં આવશે.

બંને દેશોના અધિકારીઓ દ્વારા ટ્રેડ એગ્રીમેન્ટની શરતો પર હજુ હસ્તાક્ષર કરવામાં આવ્યા નથી અને ભારત-અમેરિકા સરકારની સંસદ દ્વારા તેને મંજૂરી આપવામાં આવી નથી, તેથી બંને દેશો વચ્ચેનો ટ્રેડ ડીલ હાલમાં અમલમાં નથી.

જોકે, ટેરિફ રેટ પર એક કરાર થયો છે, જેના પર નિષ્ણાતો હવે ભારતને વાટાઘાટો કરવાની સલાહ આપી રહ્યા છે.

અમેરિકી સુપ્રીમ કોર્ટે શુક્રવારના રોજ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના વિવિધ દેશો પર ટેરિફ લાદવાના નિર્ણયને રદ કર્યો હતો.

ગ્લોબલ બઝ

કોર્ટે કહ્યું કે રાષ્ટ્રપતિ દ્વારા વૈશ્વિક સ્તરે ટેરિફ લાદવા માટે ઉપયોગમાં લેવામાં આવતી સત્તાઓ તેમના અધિકારક્ષેત્રની બહાર છે. આ નિર્ણય બાદ ડોનાલ્ડ ટ્રમ્પની સરકાર બેકફૂટ પર આવી હતી.

જોકે, ટ્રમ્પે તરત જ તેમની કટોકટીની સત્તાનો ઉપયોગ કરીને ફરી એકવાર વિશ્વભરના વેપાર પર નવી 10 ટકા આયાત ડ્યુટી લાદવા પર દાવ લગાવ્યો હતો. જોકે, તેમનો નિર્ણય માત્ર વચગાળામાં જ લાગુ થશે અને નવા ટેરિફની માન્યતા પણ લાંબા ગાળે સમાપ્ત થશે.

ટ્રમ્પ દ્વારા વિવિધ દેશો પર ટેરિફ લાદવાથી લઈને સુપ્રીમ કોર્ટ દ્વારા આ આયાત ડ્યુટીની અમાન્ય અને અમેરિકી રાષ્ટ્રપતિ દ્વારા ફરી એકવાર 10 ટકા ટેરિફની જાહેરાત સુધી, ભારત સહિત સમગ્ર વિશ્વમાં મૂંઝવણ છે. વાસ્તવમાં ભારત સાથે દુનિયાના ઘણા દેશોએ ટ્રમ્પના ટેરિફની અસરને ઘટાડવા માટે વચગાળાના વેપાર કરાર પર હસ્તાક્ષર કર્યા છે અથવા તેને અંતિમ સ્વરૂપ આપવાની રાહ જોઇ રહ્યા છે. આ અંતર્ગત અમેરિકાના વધેલા ટેરિફ ઘણા દેશો પર લાગુ કરવામાં આવ્યા હતા. આવી સ્થિતિમાં, પ્રશ્ન એ છે કે શું સુપ્રીમ કોર્ટનો નિર્ણય ટ્રમ્પના ટેરિફ સાથેના તે વચગાળાના કરારોને પણ ખતમ કરશે

ભારત અને યુએસ વચ્ચેના વેપાર કરારની તાજેતરની ચર્ચા હેઠળ નક્કી કરેલા ટેરિફ રેટનું શું થશે?

સુપ્રીમ કોર્ટના ચુકાદાએ સમગ્ર માહોલને બદલી નાંખ્યો છે, અમેરિકાના ટેરિફના મુદ્દે નવી ધમાલ શરૂ થઇ ગઇ છે, પણ તેની સાથે સાથે રિફંડ મેળવવા માટે દરેક આયાતકારે યુએસ કોર્ટ ઓફ ઇન્ટરનેશનલ ટ્રેડમાં વ્યક્તિગત કેસ દાખલ કરવો પડી શકે છે, પણ ક્યારે નાણાં પરત મળશે તે અંગે પણ અસ્પષ્ટ છે.

સુપ્રીમ કોર્ટના આ નિર્ણયથી જૂના ટેરિફ જ નાબૂદ થયા નથી, પરંતુ આ અંતર્ગત વિદેશથી આવતા ઉત્પાદનો જૂના ટેરિફ હેઠળ લગભગ 130 અબજથી 175 અબજ ડોલર પર આયાતકારો દ્વારા કરવામાં આવેલી વધારાની ચુકવણીના રિફંડનો માર્ગ પણ ખોલવામાં આવ્યો છે. જોકે, આ પ્રક્રિયા ખૂબ જટિલ હોઇ શકે છે અને નિષ્ણાતો માને છે કે તેમાં વર્ષો લાગી શકે છે.

કોર્ટે આ મામલો યુએસ ઇન્ટરનેશનલ ટ્રેડ કોર્ટમાં પાછો મોકલી આપ્યો છે જેથી રિફંડના દાવાઓનો ઉકેલ લાવી શકાય. નિષ્ણાતો કહે છે કે ભૂતકાળમાં રિફંડ આપવાની પ્રક્રિયામાં લગભગ બે વર્ષનો સમય લાગ્યો હતો.